
# 'તારે જમીન પર'



## 'ગુમરાહ'

--'હરીશ્ચંદ્ર'

કાલે ત્રીજી વાર માસ્તર જાનકીદાસે મને ખબર આપી કે, "પરેશ શાળામાં હાજર રહેતો નથી. છોકરો ગુમરાહ થઈ જશે." એટલે આજે ભોજન બાદ પરેશે નીશાળનો થેલો ખભે લટકાવ્યો કે ચુપકીદીથી હું પણ તેની પાછળ પાછળ ચાલ્યો. સ્કુલની સડકને બદલે શાહજાદાએ બીજો જ રસ્તો પકડ્યો !

ચાલતાં ચાલતાં અમે ગામ બહાર નીકળી ગયા. એ એની ધુનમાં જ હતો. એણે પાછા વળીને એકે વાર જોયું પણ નહીં. સીટી વગાડતો, ક્યારેક પથરાને બુટ વડે ઠોકરો મારતો આગળ ધપ્યે જ જતો હતો. સુવ્વરનો બચ્ચો ! એ નહોતો જાણતો કે એના આ બુટ ખરીદવા એના બાપને સવારથી સાંજ સુધી ફાઈલો સાથે કેટલાં માથાં ફોડવાં પડતાં હતાં !

મદારીઓના ડેરા નજીક એ પહોંચ્યો, તો પાંચ-છ કુતરા જોરશોરથી ભસતા એની નજીક લપક્યા. હું ગભરાયો - ક્યાંક એ મારા છોકરાને પગે બચકું ભરી લે તો ! પણ જેવો એ કુતરાઓની નજીક પહોંચ્યો કે તેઓ દુમ હલાવવા લાગ્યા. ઓહ ! મતલબ કે કુતરા સાથે એને જુની ભાઈબંધી હતી.

હું ઝાડની આડશે જોઈ રહ્યો હતો. મદારીના એક છોકરાએ ચાર-પાંચ સાપ પરેશને ગળે લટકાવી દીધા. મારો તો શ્વાસ જ અધ્ધર થઈ ગયો ! દીલ ધડકતું હતું. પણ ધીરે ધીરે સાપ ગળેથી સરકીને બદન પર થઈ ઘાસ પર રમવા માંડ્યા.

પછી પરેશ આગળ વધ્યો. નહેરને કીનારે કેટલાંક બંગાળી છોકરાં માછલી પકડી રહ્યાં હતાં. આ બધું એ એકીટશે જોઈ રહ્યો હતો. જોવામાં એ એટલો મગ્ન હતો કે હું, એનો બાપ, એની અડોઅડ જઈને ઉભો રહ્યો તેનોય એને ખ્યાલ ન રહ્યો. એની આંખોમાં ઉત્સુકતા હતી, જીવન પ્રત્યેનો પ્યાર હતો. એ ત્યાંના વાતાવરણમાં લીન થઈ ગયો હતો.

એકાએક પરેશની નજર મારા પર પડી અને એનું મોં પડી ગયું. આખરે એને કાંઈ ન સુઝ્યું એટલે એણે આંગળી ચીંધી કહ્યું, "પાપા, આ લોકો માછલી પકડી રહ્યાં છે." હુંય એની સાથે બેસી ગયો. ન એની સ્કુલની વાત નીકળી, ન મારી ઑફીસની ! ન મેં એને પુછ્યું કે, તું શાળાને બદલે આ બાજુ કેમ આવ્યો. ન એણે ધડ કરી કે હું ઑફીસને બદલે આ બાજુ શી રીતે આવી પહોંચ્યો. અમે મીત્રોની માફક અહીંતહીંની હાંકતા રહ્યા. "ચાલો પાપા, નદીની પેલે પાર જઈએ,' કહી એ બુટની દોરી છોડવા લાગ્યો.

"ના બેટા, પગ ભીંજાવાથી તને શરદી થશે," કહી મેં એને મારી પીઠ ઉપર બેસાડ્યો અને એણે એના હાથ મારા ગળે લપેટી દીધા.

એનાં ચીંતા-ભય બધું જ ગાયબ થઈ ગયું. એ બોલ્યે જતો હતો : "પાપા, નદીની પેલે પાર એક પથ્થરફોડો છે. દી' આખો બસ પથ્થર ફોડ્યા કરે છે. વળી ત્યાં એક સ્વામીજી પણ છે.

નદી પાર કરી કે સામે જ સ્વામીજી મળ્યા. "તમારો છોકરો છે કે?"

"હા."

"ઘણો ડાહ્યો ને ભોળો છે. તમારું નામ રોશન કરશે."

ન જાણે આટલી વાત પર મને એટલી ખુશી થઈ કે સ્કુલથી ભાગેલા એ છોકરા વીશે મને ગર્વ થયો.

નજીકમાં જ થોડાં ઝુંપડાં હતાં. વાસણ માંજતી એક ભરવાડણે કહ્યું, "ઘણા દીવસે આવ્યો , પરેશ !"

પરેશ એની નજીકમાં જઈ લાડમાં બોલ્યો, "હા, માસી ! આજે તો મારા પપ્પા પણ આવ્યા છે." પરેશની માસી અમને ચા પીવડાવવા માગતી હતી પણ અમે ના કહી.

પરેશને નીશાળેથી ન ભાગી જવાનું સમજાવવા મનોમન હું કોશીષ કરતો રહ્યો; પણ કાંઈ કહી ન શક્યો. આખરે મેં નક્કી કર્યું કે આજે નહીં, કાલ-પરમે એને સમજાવી દઈશ.

વરસાદે જોર કર્યું. અમે જેમતેમ ઘરે પહોંચ્યા. આંગણામાં જ ધુંવાંપુંવાં થતી એની મા ઉભી હતી. એણે મને ઉધડો જ લીધો : "આખો મહોલ્લો ઘુમી વળી. પહેલાં તો બેટો જ ભાગતો હતો, હવે તો બાપેય ભાગવા લાગ્યા કે શું ?"

કદાચ એને ગોપીનાથ દ્વારા જાણ થઈ હશે કે આજે હું ઑફીસે નહોતો ગયો. પરેશ મારી સોડમાં ભરાયો - પણ જાણે એ મને એની સોડમાં લઈ લેવા માગતો નહીં હોય ! એને થતું હશે કે એને કારણે જ એના પાપાને આ સાંભળવું પડે છે. કદાચ મારા મનની અંદર સુતેલા બેટાને જાગૃત થયેલો જોઈ એના મનની ભીતરનો સુતેલો બાપ જાગ્યો હતો. પળ બે પળ રહી એ બોલ્યો, "પાપા, હવે હું ડાહ્યો થઈ ભણ્યા કરીશ, હોં !"

કેટલાય મહીના વીતી ગયા. હવે એ નીયમીત નીશાળે જાય છે. પહેલાં કેટલીય વાર માસ્તરની અને એની માની ધમકીઓની કોઈ અસર એના પર નહોતી થઈ. પણ છેલ્લા પ્રસંગની એના પર ઘેરી અસર થઈ છે. એને થઈ ગયું છે કે એના પાપાને ઠપકામાંથી બચાવવા એણે નીશાળે જવું જ જોઈએ.

બધાં ખુશ છે, માસ્તર જાનકીદસ ખુશ છે, એની મા ખુશ છે અને હું પણ...હા, પહેલાં પહેલાં મનેય ખુશી થઈ હતી. પણ હવે... ...


રાતના નવ વાગી ચુક્યા છે. બારીમાંથી વીજળી ચમકતી દેખાઈ રહી છે. આગીયા ઝબુકી રહ્યા છે. મલયાનીલ લહેરાઈ રહ્યો છે. પરેશ ટેબલ-લૅમ્પ પાસે પુસ્તકોમાં આંખો પરોવી બેઠો છે. પણ મારા મનના અંતઃસ્તલમાં હલચલ મચી રહી છે. જીવને થાય છે કે એ નીશાળમાંથી ભાગી છુટે, હું ઑફીસમાંથી, અને અમે બાપ-બેટા આખી દુનીયાને અંગુઠો દેખાડી જંગલોમાં ઘુમતા રહીએ ! પણ આ વાત હું કોઈને કહી શકતો નથી. પહેલાં એ ગુમરાહ હતો - હવે હું ગુમરાહ થઈ રહ્યો છું.

--'હરીશ્ચંદ્ર' *...બલવંતસીંહની હીન્દી વાર્તાને આધારે...*

'પ્રસાદ' પાન : ૬૮ ઉપરથી સાભાર..

*

*'વાચનયાત્રાનો* 'પ્રસાદ'માંથી સાભાર.. - સંપાદક : મહેન્દ્ર મેઘાણી - ચાર વરસ ચાલેલી, છસો-સાડીછસો પાનાંનો એક એવા ચાર ગ્રંથોમાં છપાઈને સવા લાખથી વધુ વાચકોને પહોંચેલી, **'અરધી સદીની વાચનયાત્રા'**માંથી વીણીવીણીને **શ્રી. મહેન્દ્રભાઈ**એ આ પુસ્તકમાં **'પ્રસાદ'** વહેંચ્યો છે.. આ વીરલ વાચનયાત્રાનો **'પ્રસાદ'** આરોગનારને ચારે મુળ ગ્રંથો પાસે જવાની તલબ લાગે એવો સ્વાદીષ્ટ **'પ્રસાદ'** છે આ પ્રસાદથાળમાં...પાનાં : ૫૧૨, પહેલી આવૃત્તી : 26 જાન્યુઆરી, 2008, કીંમત : રુપીયા **75**, (10 નકલોના રુપીયા 500), વીદેશમાં **$ 8** (includes airmail postage);..પ્રકાશક : લોકમીલાપ ટ્રસ્ટ, પો.બો. 23, સરદારનગર, ભાવનગર-364 001, ફોન: (0278) 256 6402 **e-mail:** lokmilaptrust2000@yahoo.com ફોન: (0278) 256 6402 વીગતપુર્ણ પરીચય માટે જુઓ : http://sureshbjani.wordpress.com/2007/01/22/mahendra_meghani/



સુવાચન-પ્રસારના ભેખધારી - 'પુસ્તકઋષી' - શ્રી મહેન્દ્રભાઈ મેઘાણીને અમારા જેવા લાખો વાચક વતી સો સો સલામ..

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : ત્રીજું -- અંક : 153 – –May 11, 2008

'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

*'પ્રસાદ'માંથી થોડોક 'પ્રસાદ' વાચકોને વહેંચી ચપટીક પુણ્ય અમારે પણ કમાવું છે :*

'પ્રસાદ' સંપાદક : મહેન્દ્ર મેઘાણી : પાન ક્રમાંક આપ્યા છે..

*પાન ક્રમાંકઃ-*

(107) દરેક મા એવું ઈચ્છે છે કે પોતાને મળ્યો તેના કરતાં સારો વર પોતાની દીકરીને મળે. પણ એ એટલું તો સમજે જ છે કે પોતાના દીકરાને, એના બાપને મળી તેવી ઉત્તમ પત્ની નહીં જ મળે.

(132) "તેણે તેની આગળ પરણવાનો પ્રસ્તાવ મુકેલો. પણ પેલીએ ના પાડી દીધી."
"પછી ?"
"એ બંને સુખેથી રહ્યાં !"

(193) તમે તમારી પત્નીની ટીકા કરો ત્યારે એક વાત ધ્યાનમાં રાખજો-કે પોતાના એ બધા દોષને કારણે જ તો એ જેને પરણેલી છે તેના કરતાં વધુ સારો વર મેળવી શકી નહોતી.

(199) તમારી પત્નીની વીવેકબુદ્ધી પર ઝાઝો ભરોસો રાખવા જેવું નથી ને ? જુઓ તો ખરા - તેણે કેવા માણસને જીવનસાથી તરીકે પસંદ કર્યો છે !

(234) સારા કાયદાઓ કરતાં સારા ન્યાયાધીશોની વધુ જરૂર છે.

(234) ક્ષણને કાબુમાં લીધી, એટલે જીંદગીને કાબુમાં લીધી.

(276) દરેક પુરુષને પત્નીની જરુર રહેવાની જ. જ્યારે જ્યારે કાંઈક અવળું પડે તે દરેક વખતે એ કાંઈ સરકારનો વાંક થોડો જ કાઢી શકે છે ?

(280) એ રસ્ટોરાં પોતાના ગ્રાહકોની ઘણી કાળજી લે છે. તેમના વાનગીપત્રકના અંતે નજીકના બધા દાક્તરોનાં સરનામાં છાપેલાં છે.

(285) કુદરતી મૃત્યુ એટલે એવા પ્રકારનું મરણ કે જેમાં દાક્તરની કશી મદદ ન લેવાઈ હોય.

(288) મારા ભાઈ દાક્તર છે તે પોતાના દરદીઓને ધુમ્રપાન બંધ કરવાનું કઈ રીતે કહી શકતા હશે, તેની મને નવાઈ લાગતી હતી. એ રોજનાં બે પાકીટ પુરાં કરતા, એટલે એની સલાહમાં રણકાર ન જ ઉઠે ને ?

"હું જે કહું છું તેની એટલી અસર નથી થતી," એમણે સમજાવ્યું. "-એ વાત કહેતાં કહેતાં હું જે રીતે ખાંસી ખાઉં છું તેની થાય છે."

(431) આપણી આસપાસ આફતો ટોળે વળે ત્યારે પણ માતાનો પ્રેમ તો એ બધાની વચ્ચે પ્રકાશતો રહે છે. ત્યારે પણ એ તો સંભારતી રહે છે - કદીક એની છાતીને સુખથી છલકાવી દેનાર પેલા શીશુ-સ્મીતને, બચપણના કીલ્લોલને, ખીલતા યૌવનની આશાઓને.

(434) બે પરીણીત સ્ત્રી-પુરુષનું એકબીજા પ્રત્યેનું ઋણ એટલું ગંજાવર હોય છે કે અનંતકાળ લગી એ કરજ ચુકવતાં રહેવું પડે.

(437) હે બાળકો, સહુથી મહામુલી એક સોગાદ હજી તમારી પાસે રહેલી છે ત્યાં જ એનો જેટલો લેવાય એટલો લહાવો લઈ લેજો - એ છે પ્રેમાળ માતા. મોટાં થશો ત્યારે તમને મીત્રો મળશે - માયાળુ મહોબતીલા ભેરુઓ મળશે, પણ એક માત્ર મા સીવાય બીજું કોઈ આપી શકતું નથી એવી, શબ્દોથી અવ્યક્ત મમતા ને શીતળતા તો ફરી ક્યારેય તમને સાંપડવાની નથી.

(446) પત્નીની વાત પતી ખરેખર સાંભળતો ત્યારે હોય છે, જ્યારે પોતાની પત્ની ઉચ્ચારતી ન હોય તેવો શબ્દેશબ્દ એ સમજી જતો હોય.

(464) માતાને હંમેશાં બે વાર વીચાર કરવો પડે છે - એક વાર પોતાની જાત માટે અને બીજી વાર પોતાના બાળક માટે.

(467) એક કુટુંબનું જે નીર્માણ કરે છે ને તેને ટકાવી રાખે છે, અને જેના હાથ હેઠળ બાળકો ઉછરીને ખડતલ ને ચારીત્ર્યવાન નરનારીઓ બને છે, તે નારીનું સ્થાન એકમાત્ર ઈશ્વરની પછી આવે છે.

(471) ઉંચે ચડેલા કોઈ પણ પુરુષને એવું મનાવવું બહુ ગમે છે કે પોતે એકલે હાથે એ બધી સીદ્ધી મેળવેલી છે; તેવે વખતે પત્ની સ્મીત કરે છે, વાત પડતી મેલે છે.

(475) પોતે આતંક અને મોતનો સામનો કરેલો હોય, પોતાની શક્તીના અંતીમ બીંદુને એકત્ર કરીને ખરચી નાખવાની ઘોર મથામણ કરી હોય, ત્યાર પછી પુરુષ જાણી શકે છે કે સ્ત્રીની ભુજાઓમાં મધુર વીશ્રામ પામવો એ શું છે.

(482) ઘણા મહીના રાહ જોયા પછી એક ભારતીય દંપતીને અમેરીકાનું નાગરીકત્વ મળ્યાનો પત્ર મળ્યો. આથી ખુશ થઈ ગયેલા પતી સાહેબે પત્નીને કહ્યું : "લે, આ જો, આપણને અમેરીકાનું નાગરીકત્વ મળી ગયું."

પત્ની તે વખતે રસોડામાં વાસણ માંજતી હતી. ખબર સાંભળતા જ તેણે હાથ ધોઈ નાખ્યા ને કહ્યું : "અચ્છા ! તો હવે ઝટ અંદર આવો અને આ વાસણ સાફ કરી નાખો."

* * *


'ઉંઝાજોડણી'માં અને 'વીજયા' ફોન્ટમાં અક્ષરાંકન : ઉત્તમ ગજ્જર uttamgajjar@hotmail.com

◆ 13મી જાન્યુઆરી 2006ના દીને મુંબઈ ખાતે ગુજરાતી લેક્સીકોનના થયેલા પ્રથમ લોકાર્પણને બે વરસ પુરાં થયાં. આ બે વરસમાં **8,95,000** જેટલા ભાષાપ્રેમીઓએ અત્યાર સુધીમાં http://www.gujaratilexicon.com ની મુલાકાત લીધી. આપને અને આપ મારફત આપના મીત્રોને પણ લેક્સીકોનની આ નવી interfaceની મુલાકાત લેવાનું નીમંત્રણ છે. વીશ્વનાં કરોડો ગુજરાતી ભાઈ-બહેનો સુધી આ સંદેશો પહોંચાડવામાં સહાય કરી, આપને પણ ગુજરાતી ભાષાની અમુલ્ય સેવાના પુણ્યના અધીકારી બનવા વીનંતી.

*વપરાશકારોના મળેલાં મુલ્યવાન સુચનો અનુસાર અમે* http://www.gujaratilexicon.com *ના ઉઘડતે પાને જ અમારું 'સરસ ગુજરાતી સ્પેલચેકર' આકૃતી સાથે ડાઉનલોડ લીંક જોડી મુક્યું છે. આપ તે ડાઉનલોડ કરો અને તેની ક્ષમતા ચકાસી સુચનો મોકલો એવી વીનંતી કરીએ છીએ.*

આપ સૌના સહયોગ થકી 'સન્ડે ઈ-મહેફીલ'ના **8,400** જેટલા વાચકો થયા અને રોજેરોજ નવાં નામો ઉમેરાતાં જાય છે એ પુરવાર કરે છે કે, દેશવીદેશમાં ગુજરાતી વાચનના રસીયા બહુ મોટી સંખ્યામાં છે. સૌનો આભાર...અમારી 'સન્ડે ઈ-મહેફીલ'ની અત્યાર સુધીની જુની સઘળી પીડીએફ ફાઈલો અમારી વેબસાઈટ http://gujaratilexicon.com/index.php?aciton=downloadSeM પરથી સરળતાથી ડાઉનલોડ થઈ શકશે. આ જ વેબ સાઈટ પરથી લેક્સીકોન અને શ્રી. વીપુલ કલ્યાણી તરફથી લંડનથી પ્રકાશીત થતા **'ઓપીનીયન'** માસીકના અને શ્રી. પ્રવીણ વાઘાણી તરફથી મેલ્બોર્ન-ઓસ્ટ્રેલીયાથી પ્રકાશીત થતા 'માતૃભાષા' માસીકની મુલાકાતે પણ જઈ શકાશે.. ◆

● મધુરેણ સમાપયેત્ ●




પેન્સીલ્વેનીયા-અમેરીકામાં વસેલા અમદાવાદી કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્રભાઈ શાહનો
ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
એમનો પરીચય પામવા અને એમનાં ખુબ બધાં કાર્ટુન્સ માણવા જુઓ એમની
web site : www.ameamericanamdavadi.com